# આ અવતારનું એક મુખ્ય કાર્ય ભક્તરક્ષણનું છે

**બાબાએ કહ્યું, ''વૈકુંઠ એવું સ્થાન છે કે જ્યાં રજમાત્ર જડતા નથી. કોઈપણ પ્રકારના કુંઠા નથી, દુઃખ નથી, વ્યથા નથી. એકાદશીના દિવસે મુમુક્ષોને માટે સ્વર્ગના દરવાજા ઉઘડે છે.**



1962ના ડિસેમ્બર મહિનામાં બાબા મદ્રાસ પધાર્યા હતા. એમણે વિવિધ ઉદ્યોગોના વિશાળ ક્ષેત્રમાં, રેલના ડબ્બા બનાવવાનું કારખાનું અને રેલવેને માટે જરૂરી એવા અન્ય ભાગો તૈયાર કરનારાં વિવિધ કારખાનાઓ છે તે પેરામ્બુર પરામાં એમણે સત્યસાઈનિવાસ નામના પ્રાર્થનાગૃહનું ઉદ્‌ઘાટન કર્યું. એ સમયે બાબાએ કહ્યું ''આ પ્રદેશની આ તો દીવાદાંડી છે જેમને સંસાર સાગરને પાર કરવો છે, તેમને આ જગતનાં ભયસ્થાનોથી એ સાવધાન કરે છે. એ ભયસ્થાનો છે લોભ, ઈર્ષા, અહમ્, જે માનવને વિનાશને માર્ગે લઈ જાય છે.''

૧૯૬૩ના પહેલા અઠવાડિયામાં, એટલે કે ૬ જાન્યુઆરીએ વૈકુંઠ એકાદશીનો ઉત્સવ હતો, પંચાંગમાં તે દિવસે એકાદશી હતી. બાબાના પંચાંગ અનુસાર તે દિવસ અમૃતોદ્‌ભવન દિન હતો. જે દિવસે એમના હાથમાંથી દિવ્ય અમૃત ઝર્યું હતું, એ દિવસે મહાન વૈષ્ણવ મંદિર શ્રીરંગમમાં બધાને માટે સ્વર્ગનાં દ્વારો ઉઘડે છે. એ મંદિરમાં વિશ્વ રંગમંચના દિગ્દર્શક ભગવાન રંગનાથ છે જે જન્મ અને મરણના નાટકનું આધિપત્ય કરે છે. અને વચ્ચે વચ્ચે જીવનનાં દૃશ્યો પણ રજૂ કરે છે. પણ જેઓ આ મનુષ્ય દેહધારી રંગનાથના સાંનિધ્યમાં રહે છે તેમને તો જ્યારે એઓ તે દિવસે એટલે ૬ઠ્ઠી જાન્યુઆરીએ જે અમૃત ઉત્પન્ન કરે છે, તે એમના શિષ્યોને આપે છે ત્યારે સ્વર્ગનાં બારણા શિષ્યોને માટે ખૂલી જાય છે. તે દિવસે બાબા એમના શિષ્યોને મહાબલિપુરમનાં સમુદ્ર કિનારે લઈ ગયા જ્યાં સાગરનાં તરંગો પુરાણકાળની વાતો તમારા કાનમાં કહી જાય છે, એ એવું સ્થળ છે કે જેની પાછળ સદીઓનો ઈતિહાસ સંકળાયેલો છે. અહીં કર્મયોગની પ્રેરણા પામીને ભક્તિયોગના પ્રકાશમાં અમી ઝરતી આંખો વડે દિશા સૂચન મેળવીને ; જ્ઞાનયોગની તાલીમ પામેલ ચિત્ત વડે દર્શન પામીને માનવીનાં ટાંકણાઓએ પથ્થરમાંથી જીવનની તરવરતી રસપલ્લવિત સ્વપ્નસૃષ્ટિને કંડારી છે. જ્યારે સમુદ્ર કિનારે બાબાની આસપાસ સહુએ સમુચિત સ્થાન લઈ લીધું અને ભજન ગાવાની શરૂઆત થઈ ત્યારે તરંગોમાં ભૂતકાળનાં સંસ્મરણો જાગ્યાં હશે કે જ્યારે તમિલનાડુના મંદિરના દેવોની સમુદ્રને કિનારે પ્રસ્થાપના થઈ હશે, ત્યારે આજની જેમ પર્યટન પ્રિય પ્રવાસીઓથી નહિ પણ ભક્તિભાવનાથી જેમનાં હૃદય તરબોળ છે, એવા ભાવિક લોકોથી સમુદ્ર કિનારો કિલ્લોલતો હશે. એ તરંગો એક પછી એક બાબાનું દર્શન કરીને કૃથાર્થ થવા આવતાં હતાં. અને આનંદ વિભોર બની દિવ્ય ગાન કરતાં પાછા સમુદ્રમાં જતાં હતાં. પથ્થરમાં કંડારેલા હાથીઓ, હરણાઓ, અને વાંદરાઓ પણ એમની ગુફાઓમાંથી બહાર આવીને બાબાની પાસે બેઠા હોય એમ લાગતું હતું.

તે દિવસે સાંજે બાબાએ વિષ્ણુ, નારાયણ અને કૃષ્ણની ત્રણ મોહક મૂર્તિઓ ઉત્પન્ન કરી ત્યારે એમની આસપાસ બેઠેલા લોકો પોતાના સદ્‌ભાગ્ય પર રાજી રાજી થતા હતા. તે વખતે પથ્થરમાં કંડારેલી, તપ કરતા અર્જુનની મૂર્તિ હાથ જોડીને વંદન કરતી હશે. બાબાએ સમજાવ્યું કે ત્રણ મૂર્તિઓ પરમાત્માનાં સાત્ત્વિક રૂપની પ્રતિનિધિ હતી. એવું રૂપ કે જે માનવીને અમરત્વ અર્પે. બાબાએ કહ્યું, ''વૈકુંઠ એવું સ્થાન છે કે જ્યાં રજમાત્ર જડતા નથી. કોઈપણ પ્રકારના કુંઠા નથી, દુઃખ નથી, વ્યથા નથી. એકાદશીના દિવશે મુમુક્ષોને માટે સ્વર્ગના દરવાજા ઉઘડે છે. ફક્ત એ લોકો જ એનો લાભ લઈ શકે છે કે જેઓ અજ્ઞાનરૂપી અંધકારને પાર કરીને જ્ઞાનના ઉજ્જવળ માર્ગે આગળ વધે છે. જ્યારે મન ઈન્દ્રિયોના હુકમને તાબે થાય છે, ત્યારે માનવી બંધનમાં જકડાઈ જાય છે. પણ જ્યારે મન આત્માનો અવાજ સાંભળી એની ચેતવણી પર લક્ષ આપે છે, ત્યારે બુદ્ધિ સજાગ બને છે. અને માનવી અધઃપતનની ઊંડી ખાઈમાં ધકેલાતો નથી. એથી તમારા મનને એવી રીતે કેળવો જેથી એ હૃદયમાં રહેલા જાગૃત દેવતાનો સાદ સાંભળે અને ઈન્દ્રિયોની ફસામણીમા ફસાય નહિ.'' એમના ભક્તોને આવું બોધામૃત આપીને, એ પવિત્ર દિવસે દેવો અને અસુરોએ સમુદ્રમંથન કરીને જે અમૃત કાઢ્યું હતું, તે અમૃત ઉત્પન્ન કર્યું. (એ અમૃતનું ભાગવતમાં વર્ણન કરેલું છે.)એમણે એ અમૃત ત્યાં હાજર રહેલા સર્વેને આપ્યું, અને સાથે સાથે ચેતવણી પણ ઉચ્ચારી કે જે જીભે અમૃત ચાખ્યું છે, તે જીભને હવે અનર્થથી કલુષિત કરશો નહિ.

પ્રશાંતિ નિલયમમાં પાછા આવીને બાબાએ એમના આશ્રમવાસી, અને સમર્પિત ભક્તોને, એમણે નક્કી કરેલા નિયમોને શિસ્તબદ્ધ રીતે પાલન કરવા જણાવ્યું. ''આ અવતારનું એક મુખ્ય કાર્ય ભક્તરક્ષણનું છે. એથી તમે સાચા અર્થમાં ભક્ત બનો. તમારું ચિત મને સમર્પો, એમાં કશુંય તમારી પાસે ન રાખતા એ સમર્પણ પૂર્ણ સમર્પણ હોવું જોઈએ, પછી ભલે તમારુ ચિત ચંચળ હોય, નબળું હોય, જેવું હોય તેવું મને સમર્પી દો. તમારે ફક્ત એટલું જ કરવાનું છે તો તમે સાચા અર્થમાં ભક્ત બનશો. તમે સાંસારિક ચિન્તાઓમાંથી અને ભયોમાંથી મુક્ત થશો. ફક્ત તમે જ નહિ પણ સંસારના સર્વજીવોની મુક્તિ કરવાની છે, અને એ કાર્ય પૂર્ણ થશે જ.''જ ■